

# આહ્વાન

A Monthly Bulletin of Shahpur Methodist Church

**Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.**

**Email : rev.arvindkhristi@gmail.com**
**Visit us at : www.shahpurmethodistchurch.com**

**Pastor : Rev. Arvind R. Khristi**
**Ph. : 079-25503545 (M) 9913070647**

**વર્ષ - ૫૩** **જૂન - ૨૦૨૪** **પત્ર - ૧૩૦**

## પિતા લૂક ૧૫:૧૧-૩૨

ઈશ્વરે પૃથ્વી ઉપર નર-નારી બનાવ્યા અને તેઓને કુટુંબવાળા પણ બનાવે છે. ઈશ્વર તેમની ઇચ્છા યોજનામાં બાળકોરૂપી ધન આપે છે. કુટુંબમાં માતા-પિતા અને બાળકોનું ખાસ મહત્ત્વ, ફરજો અને જવાબદારીઓ હોય છે. તેઓના આગવા અને નોખા ગુણ લક્ષણો હોય છે. ગત માસના પત્રમાં ‘માતા’ના જીવન વિશે જોયું. આ પત્રમાં આપણે ‘ફાધર્સ ડે’ની ઉજવણી કરીશું ત્યારે કુટુંબમાં પિતાની ખાસ આગવી બાબતો જે બાળકો માટે ખૂબ જ આશીર્વાદિત હોય છે તે લૂક ૧૫:૧૧-૩૨માં દર્શાવ્યા પ્રમાણે સમજવા પ્રયત્ન કરીશું.

પિતા પોતાના બાળકોને પોતાનાથી શક્ય હોય તે સર્વ આપે છે, ખૂબ મહેનત કરે છે, તેઓના ભવિષ્ય સંબંધી ચિંતા કરે છે. સદ્ધર કરવા પ્રયત્ન કરે છે. સંપત્તિ અને ભૌતિક વાના આપે છે અને આ સાથે સારું શિક્ષણ, સમજ અને નૈતિક રીતે વધુ સારું જીવન જીવે માટે બનતા સર્વ પ્રયત્નો કરે છે. નીતિવચનો ૪:૧-૧૩ વચનોમાં સુલેમાન રાજા પોતાના પિતાએ જે શિખામણરૂપે વાતે જણાવી તે દર્શાવે છે. લૂક ૧૫:૧૨માં પિતાએ પોતાના પુત્રને પૂંજી આપી એટલે કે તે આપનાર છે. પિતા પોતાના બાળકોને મિલ્કત-પુંજીની સાથે તેઓના આત્મિક, નૈતિક જીવન માટેની ઘણી બધી બાબતો સંબંધી શિક્ષણ આપનાર બને છે.

પિતા પોતાના બાળકો માટે ધીરજ રાખવાનું છોડી દેતા નથી. લૂક ૧૫:૧૫-૨૩માં  દીકરો ગમે તેવી કંગાળ પરિસ્થિતિમાં આવી જાય છે. વળી, આ પરિસ્થિતિ પ્રભુથી દૂર જવાના માર્ગથી આવે છે છતાં જ્યારે પરત આવે છે ત્યારે તેના પ્રત્યેની ધીરજ અને પ્રેમના કારણે તેને સ્વીકારે છે, આવકારે છે. પિતા પોતાના બાળકોની રાહ જોવાનું, ધીરજ રાખવાનું અને પ્રેમ તથા વહાલ દર્શાવવાનું પડતું મૂકતા નથી.

પોતાના બાળકો પ્રભુમાં આવે છે, રહે છે અને પસ્તાવિક જીવન જીવે છે ત્યારે પિતાને પુષ્કળ આનંદ થાય છે. બાળકોએ આ બાબત હંમેશા યાદ રાખવી જોઈએ કે પ્રભુમાં રહેવાથી પિતાને આનંદ થાય છે. પોતાના પ્રભુમય જીવનથી પિતાને આનંદની ભેટ આપવી  એના સિવાય બીજી કઈ વિશેષ ભેટ હોય શકે?

બાળકોને સન્ડેસ્કૂલ, વી.બી.એસ., એમ.વાય.એફ. મંડળીની વિવિધ સેવાઓ, મદદરૂપ બનવું, જે તે નોકરી, રોજગાર, ધંધાના ક્ષેત્રમાં પ્રભુને મહિમા આપતું જીવન જીવીને પ્રભુને અને પોતાના પિતાને સન્માનિત કરવા જોઈએ આવી રીતે તેઓનો આનંદ બનવું જોઈએ.

વ્હાલા બાળકો જ્યારે આવી રીતે જીવન જીવે છે ત્યારે પિતાઓ આત્મિક રીતે સાચી ઉજવણી કરતા હોય છે. પ્રભુનો આભાર માનતા હોય છે. આનંદ અને સંતોષની લાગણી વ્યક્ત કરે છે. બાળકોએ પોતાના પિતાની લાગણીઓ અને જે કંઈ પોતાના માટે કરે છે તે સમજી પોતાનું જીવન પ્રભુમય જીવી પોતાના પિતાનો આનંદ બનવું જોઈએ.

## BIRTHDATE IN JUNE

| | | | |
|---|---|---|---|
| ૧/૬ | હેમલત્તાબહેન એસ. વાઘેલા | ૨૦/૬ | ઈન્દુબહેન કે. વિશ્રામ |
| ૨/૬ | શ્રેયા પી. અમીન | ૨૦/૬ | લિન્યસભાઈ એસ. પેલમોર |
| ૩/૬ | સ્મિતાબહેન જે. ક્રિશ્ચિયન | ૨૧/૬ | જોસફભાઈ એ. ક્રિશ્ચિયન |
| ૩/૬ | ભારતી એ. ક્રિશ્ચિયન | ૨૧/૬ | વેનિસા વી. રાઠોડ |
| ૫/૬ | ખ્રિસ્તી મેરેલીન ઈમાનુએલ | ૨૨/૬ | સારાહબહેન એફ. ટેલર |
| ૬/૬ | બ્રાયન ડી. મેકવાન (U.S.A.) | ૨૨/૬ | યશ એસ. ક્રિશ્ચિયન |
| ૧૫/૬ | રેવ. અરવિંદ આર. ખ્રિસ્તી | ૨૨/૬ | જોની ડી. ચૌહાણ |
| ૧૬/૬ | સિલીયાબહેન એસ. મેકવાન | ૨૪/૬ | પ્રતિક્ષા એન. પરીખ |
| ૧૬/૬ | તનય એસ. વાઘેલા | ૨૭/૬ | ઓનિલ એ. પેટ્રિક |
| ૧૭/૬ | ખ્રિસ્તી મોનીકા ઈમાનુએલ | ૨૯/૬ | ડીક્સન એ. હેરી |
| ૨૦/૬ | ચિરાગભાઈ જી. વરસડા | ૩૦/૬ | સુનંદાબહેન વી. મેકવાન |

## નાણાંકીય અહેવાલ એપ્રિલ - ૨૦૨૪

| | | |
|---|---|---|
| તા.૧-૪-૨૪ ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૫૨૩૪૬.૦૦ |
| | બેંક | ૧૨૩૦૩૨૩.૫૯ |
| તા.૩૦-૪-૨૪ સુધીની | આવક | ૧૧૨૬૨૨.૦૦ |
| | કુલ | ૧૩૯૫૨૯૧.૫૯ |
| તા.૩૦-૪-૨૪ની બંધ સિલક | | |
| | રોકડ | ૧૦૦૮૦.૦૦ |
| | બેંક | ૮૦૬૭૪૮.૫૯ |
| તા.૩૦-૪-૨૪ સુધીનો | ખર્ચ | ૫૭૮૪૬૩.૦૦ |
| | કુલ | ૧૩૯૫૨૯૧.૫૯ |

શ્રી મનોજકુમાર સી. ચૌહાણ, ટ્રેઝરર

**આ બુલેટીન છાપવાનો તમામ ખર્ચ પ્રભુ પ્રેમી એક દાતા તરફથી મળેલ છે.**

## ગત માસના કાર્ય તરફ દૃષ્ટિપાત

- તા. ૧-૫-૨૪ શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયનના ઘરે ઈડન ગાર્ડન સોસાયટી, પાલડીમાં બુધવારની પ્રાર્થના મિટીંગ સાંજે ૮-૦૦ કલાકે ચલાવી.
- તા. ૩-૫-૨૪ શુક્રવારની પ્રાર્થના સંગત ચર્ચમાં સાંજે ૮-૦૦ કલાકે ચલાવી.
- તા. ૪-૫-૨૪ સીઓન મેથોડિસ્ટ ચર્ચ, સાબરમતીમાં અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટની પાળકોની પ્રાર્થના સંગતમાં હાજરી આપી.
- તા. ૫-૫-૨૪ રવિવારની ભજનસેવા ચલાવી. યોહાન ૪:૨૩-૨૪ પ્રમાણે 'આરાધના' સંબંધી સંદેશો આપ્યો.
- તા. ૧૦-૫-૨૪ના રોજ કોન્ફરન્સ ટ્રેઝરર ડિ.સુ. રેવ.ડૉ.યાકુબ એલ. મેકવાન સાહેબના લગ્ન જીવનના ૪૦ વર્ષ પૂર્ણ થતાં સાંજે ૬-૦૦ કલાકે ડે-કેર સેન્ટર, મણીનગરમાં રાખેલ આભારસ્તુતિની મિટીંગમાં હાજરી આપી.
- તા. ૧૨-૫-૨૪ રવિવારની ભજનસેવામાં માતૃદિનની ઉજવણી કરવામાં આવી. સ્થાનિક મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી મંદાકીનીબહેન એલ. પેલમોરે સંચાલન કર્યું. શ્રીમતી એગ્નેશબેન વી. અમીને વચનની સેવા આપી. બાળકોએ માતાઓને ગુલાબનું ફૂલ આપી સન્માન કર્યું. ૬૫ વર્ષની વયથી ઉપરના સર્વ વડીલ બહેનોને ગુલાબની કલગી આપી સન્માન કરવામાં આવ્યું.
  સ્થાનિક ચર્ચ તરફથી સર્વ માટે આઈસ્ક્રીમની વ્યવસ્થા કરવામાં આવી હતી. સ્થાનિક મહિલા મંડળના બહેનો ભજનસેવા સંચાલનમાં ભાગીદાર બન્યા હતા.
  ભજનસેવા બાદ પાસ્ટરેટ કમિટી મળી હતી.
- તા. ૧૭-૫-૨૪ શુક્રવારની પ્રાર્થના સંગત ચલાવી.
- તા. ૧૯-૫-૨૪ રવિવારની ભજનસેવામાં 'પચાસમાના દિવસ'ની ઉજવણી કરવામાં આવી.
  શ્રીમતી આગ્નેશબેન જે. મેકવાનના જન્મ દિવસ પ્રસંગે કુટુંબ તરફથી ભજનસેવા બાદ સર્વ માટે નાસ્તો - ઠંડાપીણાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર.
  સાંજે ૬-૦૦ કલાકે અમદાવાદ પાળક મંડળ આયોજીત પચાસમાના પર્વની ભજનસેવામાં સી.એન.આઈ. સ્કૂલ કંપાઉન્ડ, રાયખડમાં હાજરી આપી. અમદાવાદ પાળક મંડળના ૭૫ વર્ષ પૂર્ણ થતા હોવાથી ૭૫ વર્ષથી ઉપરના સભ્યોનું શૉલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું.
- તા. ૨૦-૫-૨૪ આન્યા ઓનિલ પેટ્રીકના જન્મદિવસ પ્રસંગે સાંજે ૭-૩૦ કલાકે ઈશ્વરકૃપા ફ્લેટ, હાટકેશ્વરમાં આભારસ્તુતિ સંગત ચલાવવામાં આવી.
- તા. ૨૪-૫-૨૪ શુક્રવારની પ્રાર્થના સંગત ચલાવવામાં આવી.
- તા. ૨૬-૫-૨૪ રવિવારની ભજનસેવા ચલાવવામાં આવી. માથ્થી ૬:૯-૧૫ પ્રમાણે પ્રાર્થના સંબંધી સંદેશો આપવામાં આવ્યો. શ્રી નિલયભાઈ એમ. ચૌહાણ કેનેડા જતા હોવાથી બુકે આપી પ્રાર્થના સહ શુભેચ્છા આપવામાં આવી.

## પાળક દ્વારા મળેલા બર્થ ડે અને આભારસ્તુતિના દાનો

| | | | |
|---|---|---|---|
| ૧. | કુ. લીનાબેન બી. બોરકર | બર્થડે | ૫૦૦ |
| ૨. | શ્રીમતી રૂફીના શાહ | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૩. | શ્રી પ્રકાશભાઈ એસ. ખ્રિસ્તિ | આ.સ્તુ. | ૩૦૦ |
| ૪. | શ્રી ઓનિલભાઈ એ. પેટ્રીક | આ.સ્તુ. | ૫૦૦ |
| ૫. | સ્વ. ઈલાક્ષીબેન ડી. ક્રિશ્ચિયનના સ્મરણાર્થે શ્રી ડેનિયલભાઈ ડી. ક્રિશ્ચિયન (સુરત) તરફથી | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૬. | શ્રી/શ્રીમતી ડેનિયલભાઈ ડી. ક્રિશ્ચિયન | લ.દિ.નું દાન | ૫૦૦ |
| ૭. | શ્રી મનોજભાઈ સી. ચૌહાણ | બર્થડે | ૫૦૦ |
| ૮. | શ્રી શરદભાઈ જે. માસ્ટર | બર્થડે | ૫૦૦ |
| ૯. | શ્રીમતી આગ્નેશબેન જે. મેકવાન | બર્થડે | ૫૦૦ |
| ૧૦. | શ્રીમતી જુલીયેટ ક્રિસ્ટી | આ.સ્તુ. | ૨૦૦ |
| ૧૧. | શ્રીમતી ઉર્મિલાબેન આર. સોલંકી | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૨. | કુ. રીયોના પી. ક્રિશ્ચિયન ધો. ૧૨ સાયન્સમાં ૬૭% થી પાસ થવા બદલ અભિનંદન | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૧૩. | શ્રી શૈલેષભાઈ જે. માસ્ટર | આ.સ્તુ. | ૨૦૦ |
| ૧૪. | આન્યા ઓ. પેટ્રીક | બર્થડે | ૫૦૦ |
| ૧૫. | શ્રી રમેશભાઈ એમ. પરમાર | આ.સ્તુ. | ૩૦૦ |
| ૧૬. | કુ. ક્રિસ્ટીના એફ. ગોહેલ | બર્થડે | ૫૦૦ |
| ૧૭. | શ્રીમતી વેલેન્ટીનાબેન એફ. ગોહેલ | બર્થડે | ૫૦૦ |
| ૧૮. | શ્રી ફ્રાન્સિસભાઈ વી. ગોહેલ | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૧૯. | Eagle Eye Security And Management Services Pvt. Ltd. તરફથી | ચર્ચ પ્રિન્ટર ખરીદી પેટે | ૧૧૨૦૦ |
| ૨૦. | શ્રીમતી શશીબેન એસ. પરમાર | આ.સ્તુ. | ૨૦૦૦ |
| ૨૧. | શ્રીમતી અરૂણાબેન એસ. ગામડિયા | બર્થડે | ૫૦૦ |
| ૨૨. | શ્રી શામીભાઈ એ. ગામડિયા મકાનના બે વર્ષ પૂર્ણ થતાં | આ.સ્તુ. | ૫૦૦ |
| ૨૩. | શ્રી/શ્રીમતી રશ્મિકાંતભાઈ પી. મહિડા | લ.દિ.નું દાન | ૨૫૦૦ |
| ૨૪. | શ્રી નિલયભાઈ એમ. ચૌહાણ કેનેડા જતા હોવાથી | આ.સ્તુ. | ૫૦૦ |
| ૨૫. | શ્રી નલિનભાઈ આર. ક્રિશ્ચિયન (યુ.એસ.એ.) | બર્થડે | ૧૦૦૦ |
| ૨૬. | શ્રી ઈયાન એ. મહિડા | બર્થડે | ૫૦૦ |
| ૨૭. | રીયોન આઈ.ખ્રિસ્તી | બર્થડે | ૨૦૦ |

## જાહેરાતો

- તા. ૯-૬-૨૪ રવિવારની ભજનસેવામાં ક્વાયર સન્ડેની ઉજવણી કરવામાં આવશે. ક્વાયર સન્ડેની ઉજવણી બાદ બપોરે ૧-૦૦ થી ૪-૦૦ કલાક સુધી ક્વાયર રીટ્રીટ થશે.
- તા. ૧૬-૬-૨૪ રવવારની ભજનસેવામાં ફાધર્સ ડે ની ઉજવણી કરવામાં આવશે.
- અમદાવાદ પાળક મંડળ તરફથી ૭૫ વર્ષથી ઉપરના સભ્યોનું સન્માન કરતાં શૉલ આપવામાં આવેલ છે. પાળક ઓફિસમાંથી આપની શૉલ મેળવી લેશો.

## પ્રાર્થના

- અસહ્ય ગરમીમાં વડીલો-બાળકો તથા સર્વ માટે પ્રાર્થના કરશો.
- જૂન ૨૦૨૪ માસના કાર્યક્રમ માટે પ્રાર્થના કરશો.